For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરા કોર્પોરેશનનું 'સરપ્રાઇઝ ઓપરેશન'

# વોર્ડ નં. ૭ ની કચેરીમાં જ ગંદકી, ડે. મેયર લાલઘુમ

**દબાણો અને** ગંદકી કરનારાઓ સામે કડક એક્શન પ્લાન તૈયાર



**હવે જનજાગૃતિનો સમય પૂરો થયો : દંડાત્મક કાર્યવાહી કરો**

નાગરવાડા સ્થિત વોર્ડ નંબર ૭ ની કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી. બેઠકમાં મુખ્યત્વે પ્રી-મોન્સૂન કામગીરી, ડ્રેનેજ, પાણી, રોડ રસ્તાની મરામત અને ગેરકાયદેસર દબાણો જેવા પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે જણાવ્યું હતું કે, હવે જનજાગૃતિનો સમય પૂરો થયો છે, જો લોકો કચરો ફેંકશે તો દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.



વોર્ડ નંબર ૭ ની કચેરી ખાતે સંકલન બેઠક યોજાઈ હતી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

વડોદરાના વોર્ડ નંબર ૭ ની કચેરી ખાતે મેયરની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, આ બેઠક દરમિયાન જ કોર્પોરેશનની આ સરકારી કચેરીમાં ચારેય તરફ ધૂળ અને ભારે ગંદકી જોવા મળતા તંત્રની પોલ ખુલી ગઈ હતી. પ્રજાને સ્વચ્છતાના પાઠ ભણાવતી સરકારી કચેરી પોતે જ ગંદકીથી ખદબદતી જોવા મળતા ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ગંભીર મામલે વડોદરાના ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે આકરા તેવર બતાવતા સ્પષ્ટ કર્યું હતું કે, આ પ્રકારની સંકલન બેઠકો અચાનક અને સરપ્રાઈઝ રાખવાનો મુખ્ય હેતુ જ એ છે કે તંત્રની વાસ્તવિક સ્થિતિ સામે આવી શકે. તેમણે જણાવ્યું કે, અગાઉથી જાણ કરીને મીટિંગ રાખવામાં આવે તો કચેરીઓને સુધારવાનો મોકો મળી જતો હોય છે, પરંતુ આ આકસ્મિક મુલાકાતમાં વોર્ડ નંબર ૭ ની કચેરીમાં ગંદકી જણાતા વહેલામાં વહેલી તકે સાફ-સફાઈ પૂર્ણ કરવા માટે તંત્રને કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે. આગામી દિવસોમાં સમગ્ર વડોદરા શહેરમાં આવેલી તમામ સરકારી, અર્ધસરકારી અને કોર્પોરેશનની કચેરીઓમાં આ પ્રકારે અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવશે અને ક્યાંય પણ ગંદકી ચલાવી લેવામાં નહીં આવે. આ બેઠકમાં માત્ર સ્વચ્છતા જ નહીં, પરંતુ શહેરમાં વધી રહેલા ગેરકાયદેસર દબાણોના મુદ્દે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને રાતોરાત જાહેર રસ્તાઓ પર ઊભા થતા દબાણો, કોર્પોરેશનના ખાલી પ્લોટો પર થતા વ્યાવસાયિક કે રહેણાંકના દબાણો તેમજ ચોમાસાની ઋતુમાં પાણીના નિકાલ માટેની કાંસ પર થયેલા કાચા-પાકા બાંધકામોને હટાવવા માટે રોડમેપ તૈયાર કરાયો છે. ડેપ્યુટી મેયરે ઉમેર્યું હતું કે આવા દબાણોની આડમાં અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ફૂલીફાલી રહી છે, જેને ડામવા માટે ટૂંક સમયમાં જ વહીવટી વિભાગ દ્વારા મોટા પાયે ડિમોલિશનની કડક ઝુંબેશ શરૂ કરાશે.

### પ્રથમ તબક્કે ૧૩૬ અધિકારીઓને ડ્રેસ ફાળવાયા, પ્રતિ જોડી ૭૭૦ નો ખર્ચ

# કોર્પો.ના વર્ગ-૧-૨ના અધિકારીઓ પોલીસની જેમ 'યુનિફોર્મ'માં દેખાશે

**પોલીસની જેમ** પાલિકાની ટીમની પણ અલગ ઓળખ ઊભી કરાશે

વડોદરાઃ વડોદરા મહાનગરપાલિકા દ્વારા વહીવટી કાર્યક્ષમતા અને શિસ્ત લાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્પોરેશનના કામકાજમાં વધુ પારદર્શિતા લાવવા અને જનતા સાથેના સંવાદને સરળ બનાવવાના હેતુથી હવે વર્ગ ૧ થી ૪ ના તમામ કર્મચારીઓ માટે ડ્રેસ કોડ નક્કી કરવામાં આવ્યો છે. આ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ, પાલિકાના વર્ગ-૧ અને વર્ગ-૨ ના ઉચ્ચ અધિકારીઓને યુનિફોર્મની ફાળવણી કરી દેવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, પ્રાથમિક તબક્કે કોર્પોરેશનના અંદાજે ૧૩૬ જેટલા અધિકારીઓને આ ખાસ યુનિફોર્મ એલોટ કરવામાં આવ્યા છે. પાલિકા તંત્ર દ્વારા આ યુનિફોર્મ પાછળ પ્રતિ જોડી આશરે ૭૭૦ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આગામી સમયમાં બાકી રહેતા અન્ય વર્ગના કર્મચારીઓને પણ આ અંતર્ગત આવરી લેવામાં આવશે અને તે મુજબ જ બજેટમાંથી ખર્ચ કરવામાં આવશે. આ મહત્વપૂર્ણ નિર્ણય અંગે પાલિકાના સત્તાધીશોએ જણાવ્યું હતું કે, જ્યારે વડોદરા મહાનગરપાલિકાની કોઈ ટીમ અથવા અધિકારીઓ ફિલ્ડ પર કામગીરી કરવા માટે જાય છે, ત્યારે સામાન્ય જનતાને ઘણીવાર ઓળખની સમસ્યા નડે છે. નાગરિકો દ્વિધામાં મુકાઈ જાય છે કે સામે ઊભેલી વ્યક્તિ ખરેખર કોર્પોરેશનના પ્રતિનિધિ છે કે અન્ય કોઈ. ડ્રેસ કોડ ન હોવાને કારણે ભૂતકાળમાં પબ્લિક તેમજ કોર્પોરેશનના કર્મચારીઓ બંનેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેવી રીતે પોલીસ વિભાગ તેની ખાસ વર્દીને કારણે ભીડમાં પણ અલગ તરી આવે છે અને નાગરિકો તેમને તુરંત ઓળખીને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સહકાર આપે છે, બરાબર તે જ ધારાધોરણો પર હવે વડોદરા મહાનગરપાલિકાની ટીમ પણ એક અલગ ઓળખ સાથે મેદાનમાં ઉતરશે. આ યુનિફોર્મને કારણે પાલિકાની કામગીરી વધુ વ્યવસાયિક બનશે.

### કાળા વસ્ત્રોમાં સજ્જ થઈ કર્મચારીઓની કોર્ટના આદેશના પાલનની માંગ

# GSFCના બરતરફ કામદારોનો ફૂલહારથી ગેટને તાળું મારી વિરોધ

છેલ્લા 16 મહિનાથી પગાર બંધ થતાં પરિવારજનો આર્થિક ભીંસમાં મુકાયા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લી કંપની ખાતે છૂટા કરાયેલા પૂર્વ કામદારોએ પોતાની પડતર માંગણીઓ માટે ગાંધીચીંધ્યા માર્ગે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. કાળા કપડાં ધારણ કરીને આવેલા આંદોલનકારીઓએ કંપનીના મુખ્ય પ્રવેશદ્વારને ફૂલોના હારથી શણગારીને પ્રતિકાત્મક તાળાબંધી કરી હતી અને સત્તાધીશોને સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના સાથે આક્રોશ ઠાલવ્યો હતો. જીએસએફસીના ટિસ્યુ કલ્ચર અને સરદાર અમીન યુનિટમાં વર્ષ 2001થી કાર્યરત આશરે 120 જેટલા કામદારોને વર્ષ 2020માં નોકરીમાંથી છૂટા કરી દેવાયા હતા. જોકે, ફેબ્રુઆરી-2025 સુધી તેમને નિયમિત વેતન ચૂકવાતું હતું. પરંતુ છેલ્લા 16 મહિનાથી પગાર બંધ થઈ જતાં કામદારો અને તેમના પરિવારજનો ભારે આર્થિક ભીંસમાં મુકાયા છે. ન્યાય મેળવવા કામદારોએ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. કામદારોના જણાવ્યા અનુસાર, કોર્ટે 75 કર્મચારીઓને બરતરફ ન કરવા અને નિયમિત વેતન ચૂકવવાનો હુકમ કર્યો છે. જ્યારે અન્ય 30 જેટલા કર્મચારીઓનો કેસ હજુ ન્યાયાલયમાં પેન્ડિંગ છે. આમ છતાં કંપની દ્વારા કોર્ટના આદેશનો અનાદર થતો હોવાના ગંભીર આક્ષેપ સાથે કામદારોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કામદારોએ નોકરી આપો, પગાર આપો, કોર્ટના આદેશનું પાલન કરો જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ સાથે દેખાવો કર્યા હતા.

### મહારાજ હરિઓમ વ્યાસે RTIથી માહિતી માંગી

# વડોદરાના ઐતિહાસિક માંડવી ગેટના રિસ્ટોરેશન પર વિવાદ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરાના માંડવી ગેટના રિસ્ટોરેશન અને જાળવણીના કામને લઈને વિવાદ વધુ વકર્યો છે. મહારાજ હરિઓમ વ્યાસે વડોદરા મહાનગરપાલિકાના દાવાઓ સામે ગંભીર સવાલો ઉઠાવતા કામગીરીની પારદર્શિતા પર આક્ષેપો કર્યા છે. શ્રી વિઠ્ઠલનાથજી મંદિરના મહારાજ હરિઓમ વ્યાસના જણાવ્યા મુજબ, માંડવી દરવાજાના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે તેઓ છેલ્લા 436 દિવસથી ઉઘાડા પગે રહીને આ ઐતિહાસિક ધરોહરને બચાવવા માટે સતત લડત આપી રહ્યા છે. તેમનો સ્પષ્ટ આક્ષેપ છે કે મહાનગરપાલિકા દ્વારા રિસ્ટોરેશનનું કામ 20 ટકા પૂર્ણ થઈ ગયું હોવાનો જે દાવો કરવામાં આવી રહ્યો છે તે સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિ સાથે સુસંગત નથી. કામગીરીની હકીકત જાણવા માટે મહારાજ હરિઓમ વ્યાસે માહિતીના અધિકાર કાયદા હેઠળ પાલિકા પાસેથી વિગતો માંગી હતી. જોકે, પાલિકા તંત્ર તરફથી માંગેલી માહિતીના સ્પષ્ટ જવાબો મળતા નથી અને માત્ર ગોળમટોળ જવાબો આપીને મુદ્દાને ટાળવામાં આવી રહ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. મહારાજ હરિઓમ વ્યાસે માંગ કરી છે કે ઐતિહાસિક વારસાની જાળવણી સાથે સંકળાયેલી તમામ કામગીરી સંપૂર્ણ પારદર્શક રીતે થવી જોઈએ.

### GPCBને ખુલ્લો મેડિકલ માફિયાઓનો પડકાર!

# જેસિંગપુરામાં સ્મશાન રોડ પર ફાર્મા કંપનીએ દવાનો વેસ્ટ ફેંક્યો

**સરપંચની** જાણ બહાર ગામને ડમ્પિંગ યાર્ડ બનાવી દેવાયું



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

વાઘોડિયા તાલુકાના જેસિંગપુરા ગામના સ્મશાન તરફ જવાના મુખ્ય રસ્તા પર અને આસપાસની પંચાયત હદની જગ્યામાં રાતોરાત જાણે ડમ્પિંગ યાર્ડ બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કોઈ અજાણ્યા તત્વો દ્વારા અંધારાનો ગેરલાભ ઉઠાવીને ૨૦થી વધુ મોટા ડમ્પર ભરીને આ જોખમી કચરો અહીં ઠાલવી દેવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ જેસિંગપુરા ગામના સરપંચને પણ નહોતી, જેથી આ સમગ્ર કૌભાંડ સરપંચ અને સ્થાનિક પ્રશાસનની જાણ બહાર ખૂબ જ શાતિરતાપૂર્વક આચરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થાય છે. ઠલવાયેલા કચરાના ઢગલામાં દવાઓનું ઉત્પાદન કરતી કોઈ મોટી ફાર્માસ્યુટિકલ કંપનીની સીધી સંડોવણી હોવાના પુરાવા ખુલ્લેઆમ જોવા મળી રહ્યા છે. આ સ્થળ પર એક્સપાયરી ડેટવાળી હજારો દવાની બોટલો, પ્રતિબંધિત કે નકામી થઈ ગયેલી ટેબ્લેટ્સ અને વાપરેલા કે વણવપરાયેલા ઈન્જેક્શન સહિતનો બાયોમેડિકલ અને કેમિકલ વેસ્ટ મોટા પ્રમાણમાં વેરવિખેર પડેલો જોવા મળ્યો છે. ખુલ્લામાં પડેલો આ ઝેરી કચરો અને દવાઓ પશુઓ ખાય અથવા ચોમાસાની સિઝનમાં વરસાદી પાણી સાથે ભળીને જમીનમાં ઉતરે તો સ્થાનિક જળસ્ત્રોતો પ્રદૂષિત થવાનો અને રોગચાળો ફાટી નીકળવાનો મોટો ખતરો ઊભો થયો છે. ખર્ચ બચાવવા અથવા ગુનાહિત માનસિકતાના કારણે આ ગંભીર પ્રદૂષણ ફેલાવવામાં આવ્યું છે. ખાસ કરીને સ્મશાન જવાના માર્ગ પર જ કચરાના પહાડ ખડકાઈ જતાં અંતિમયાત્રા લઈને જતા ગ્રામજનોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંભીર મામલે જેસિંગપુરાના સરપંચ અને ગ્રામજનોએ એકસૂરે ઉગ્ર માંગ કરી છે કે, લાગતા-વળગતા વહીવટી તંત્ર અને જીપીસીબી દ્વારા તાત્કાલિક અસરથી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવે.

### જનતા પાણી માટે ટળવળે અને તંત્ર વહાવે નદીઓ

# ખોડીયારનગર બુસ્ટર પમ્પ સામે શુદ્ધ પાણીનો વેડફાટ

**રસ્તાઓ** જળબંબાકાર થતાં સ્થાનિકો અને વાહનચાલકો ત્રાહિમામ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરામાં પીવાના પાણીની સમસ્યા દિવસેને દિવસે વકરી રહી છે, ત્યારે બીજી તરફ તંત્રની અણઆવડત અને ઘોર બેદરકારીને કારણે રોજ હજારો લિટર શુદ્ધ અને પીવાલાયક પાણી રસ્તાઓ પર વહીને ગટરમાં મળી રહ્યું છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો શહેરના ખોડીયારનગર વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં ખોડીયારનગર બુસ્ટર પમ્પની બિલકુલ સામે પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતાં પાણીનો મોટો બગાડ થઈ રહ્યો છે. ખોડીયારનગર બુસ્ટર પમ્પ પાસે છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીની પાઈપલાઈનમાં ગંભીર લીકેજ સર્જાયું છે. આ લીકેજના કારણે ચોખ્ખું અને પીવાલાયક પાણી રોડ પર નદીની જેમ વહી રહ્યું છે. રસ્તા પર ભરાયેલા આ પાણીને કારણે સ્થાનિક વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં એક તરફ પાણીની કટોકટી વચ્ચે નાગરિકોને પૂરતા પ્રેશરથી અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી નથી મળી રહ્યું, ત્યારે બીજી તરફ બુસ્ટર પમ્પની સામે જ થતો આ પ્રકારનો પાણીનો બગાડ થઈ રહ્યો છે.

### SBIના મેનેજર સહિત ચાર શખસ સામે મિલીભગતનો ગંભીર આક્ષેપ પણ કરાયો

# ૧૦૦થી વધુ દલિત પરિવારો લોન કૌભાંડનો ભોગ બન્યા, કલેક્ટર કચેરીએ ન્યાયની ગુહાર

**સામૂહિક** અનશન પર ઉતરવાની પીડિતોની ચીમકી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨

સસ્તા દરે અને સરળતાથી લોન અપાવવાની લાલચ આપીને શહેરના આશરે ૧૦૦થી વધુ નિર્દોષ લોકોને આર્થિક ફાંસામાં સડોવવામાં આવ્યા હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ થયો છે. આ મામલે આજે ભોગ બનનારાઓએ કલેક્ટર કચેરી પહોંચીને મામલતદાર એ.એમ. પરમારને એક લેખિત આવેદનપત્ર સુપ્રત કર્યું હતું અને સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરી કડક પગલાં ભરવાની માંગ કરી હતી. વડોદરાના રહીશ દીપક દિલીપભાઈ સોલંકી સહિત ૧૦૦થી વધુ પરિવારો આ સંગઠિત છેતરપિંડીનો ભોગ બન્યા છે. ફરિયાદીઓએ સીધો આક્ષેપ કર્યો છે કે નરેન્દ્ર સાવંત, અનીલ શીર્કે, રઘુનાથ ગાયકવાડ નામના વચેટીયાઓ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના તત્કાલીન મેનેજર કૃણાલ પરીખે પરસ્પર મિલીભગત રચીને આ આખા કૌભાંડને અંજામ આપ્યો છે. ભોગ બનનારા લોકોને અંધારામાં રાખીને, લોન પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી આપ્યા વિના જ તેમના નામે મોટી રકમની લોન મંજૂર કરાવી લેવામાં આવી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે લોનની રકમ અસલી લાભાર્થીઓને મળવાને બદલે સીધી આરોપીઓ અને તેમના પરિવારજનોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દેવાઈ હતી. આવેદનપત્રમાં પીડિતોએ જણાવ્યું હતું કે, છેતરપિંડીનો ભોગ બનનારા મોટાભાગના લોકો દલિત સમાજના અને આર્થિક રીતે નબળા વર્ગના છે. આથી, આરોપીઓ સામે નાણાકીય ઉચાપતની સાથે-સાથે એટ્રોસિટી એક્ટ (SC/ST Act) હેઠળ પણ ગુનો નોંધી ત્વરિત ધરપકડ કરવામાં આવે. બીજી તરફ, બેંક દ્વારા લોન ભરપાઈ ન થવાના કારણે નિર્દોષ લોકોના મકાનો જપ્ત કરવા માટે 'સરફેસી એક્ટ' હેઠળ નોટિસો ફટકારવામાં આવી રહી છે. પીડિતોએ તંત્ર સમક્ષ આ ઘર જપ્તીની કાર્યવાહી પર તાત્કાલિક રોક લગાવવાની અપીલ કરી છે.ભોગ બનનાર પરિવારોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ આ મામલે છેક સુધી લડત આપશે. જો વહીવટી તંત્ર કે પોલીસ દ્વારા તેઓને વહેલી તકે ન્યાય અપાવવામાં નહીં આવે, તો તેઓ આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને કલેક્ટર કચેરી બહારજસામૂહિકઅનશનપરઉતરીજશે.

### અપેક્ષા કરતાં ઓછા ગુણ મળતાં નવી સિસ્ટમ અંગે પ્રશ્નો ઉઠ્યા હતાં

# CBSE ધો.૧૨નું રિ-વેરિફિકેશનમાં ૮૭% વિદ્યાર્થીઓનું રિઝલ્ટ જાહેર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (C B SE) દ્વારા ધોરણ-12ના વિદ્યાર્થીઓ માટે વેરિફિકેશન અને રિ -વેલ્યુએશનના પરિણામો જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. બોર્ડના જણાવ્યા મુજબ, પોતાની ઉત્તરવહીઓના રિવ્યૂ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓમાંથી આશરે 87 ટકા ઉમેદવારોના પરિણામો જાહેરકરાયા છે. જેમના ગુણોમાં ફેરફાર થયો છે, તેમની સુધારેલી માર્કશીટ ડિજીલોકર પર ઉપલબ્ધ છે. બાકીનાના પરિણામો પણ અરજીઓની પ્રક્રિયા પૂર્ણ થતાં તબક્કાવાર જાહેર કરાશે. જેમણે સ્કેન કરેલી ઉત્તરવહીઓના વેરિફિકેશન માટે અરજી કરી હતી અને જેમને "નો ચેન્જ"નો નિર્ણય મળ્યો છે, તેઓ હવે સીબીએસઈની પ્રાદેશિક કચેરીઓમાં પોતાની ઉત્તરવહીનું નિરીક્ષણ કરી શકશે. આ માટેનો કાર્યક્રમ જાહેર કરાશે. આ વર્ષે ધોરણ-12ની પરીક્ષામાં ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ હેઠળ પ્રથમ વખત ડિજિટલ મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકાઈ હતી. 13 મેના રોજ પરિણામ જાહેર થયા બાદ અનેક વિદ્યાર્થીઓએ સ્કેન કોપીમાં ઝાંખી કે કપાયેલી ઈમેજ, પાનાં ગુમ થવા, પૂરક શીટ ન જોડાવા તથા કેટલાક જવાબો ચકાસ્યા વગર રહી જવાની ફરિયાદો કરી હતી. અનેક વિષયોમાં અપેક્ષા કરતાં ઓછા ગુણ મળતાં નવી સિસ્ટમ અંગે પ્રશ્નો ઉઠ્યા હતા. સીબીએસઈના સત્તાવાર આંકડા મુજબ કુલ 98.66 લાખ ઉત્તરવહીઓ ડિજિટલી પ્રોસેસ કરવામાં આવી હતી. તેમાં 68,018 ઉત્તરવહીઓને ઈમેજ ક્વોલિટીના કારણે ફરી સ્કેન કરવી પડી હતી, જ્યારે 13,583 ઉત્તરવહીઓનું અંતે મેન્યુઅલી મૂલ્યાંકન કરાયું હતું.

**વિશ્વાસ વધ્યો** વડોદરા જિલ્લામાં ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો

# ખાનગીમાંથી સરકારી શાળા તરફ વિદ્યાર્થીઓનો ઝોંક વધ્યો

**'સરકાર આટલી** સારી સુવિધા આપતી હોય તો ખાનગી શાળામાં કેમ જવુ?'- વાલી અંજલી ગાંધી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વડોદરા જિલ્લાની શૈક્ષણિક પ્રગતિ સતત આગળ વધી રહી છે. આપણા જિલ્લા તંત્રના દ્રઢ મનોબળ અને પ્રેરણાના કારણે સરકારશ્રીના 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમને લોકજાગૃતિ અને સામૂહિક સહયોગથી નવી ઊંચાઈઓ વડોદરા જિલ્લામાં આપવામાં આવી છે. જેનુ સચોટ ઉદાહરણ છે ખાનગી સ્કુલના બાળકોનું સરકારી સ્કુલમાં એડમિશન લેવું. સરકારી શાળાઓમાં આધુનિક શિક્ષણ, સ્માર્ટ ક્લાસરૂમ, ગુણવત્તાસભર શિક્ષણ, નિઃશુલ્ક પાઠ્યપુસ્તકો, મધ્યાહન ભોજન, રમતગમત અને વિવિધ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનતા વાલીઓ સરકારી શાળાઓ તરફ આકર્ષાઈ રહ્યા છે. ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલા સતત સુધારાઓ અને નવીન પહેલોએ પણ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મહેશ પાંડેએ આ બાબતે જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારી શાળાઓ પ્રત્યે વાલીઓ અને વિદ્યાર્થીઓનો વિશ્વાસ સતત મજબૂત બન્યો છે. તેનો સ્પષ્ટ પુરાવો એ છે કે, ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૬ સુધી ધોરણ-૨ થી ૮માં અને ધોરણ -૧મા પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. વડોદરાના વારસીયા વિસ્તારમાં રહેતા શ્રીમતી અંજલી ગાંધીએ પોતાના પુત્ર હર્ષ ગાંધીને ખાનગી શાળામાંથી કવિ દુલા કાગ પીએમ શ્રી સરકારી શાળામાં પ્રવેશ અપાવ્યો છે. તેમણે જણાવ્યું કે શાળાની સુવિધાઓ, રમતગમત અને ગુણવત્તાસભર શિક્ષણથી પ્રભાવિત થઈ આ નિર્ણય લીધો હતો. તાજેતરમાં મુંબઈથી વડોદરા આવેલા શ્રીમતી જાહ્નવી કસારીએ પણ પોતાની દીકરીને આ જ શાળામાં દાખલ કરી છે. તેમણે શિક્ષકોનો સહયોગી અભિગમ, ઉત્તમ માળખાકીય સુવિધાઓ, પૌષ્ટિક મધ્યાહન ભોજન અને બાળકોની પ્રવૃત્તિઓની ડિજિટલ અપડેટની પ્રશંસા કરી હતી. વધતી પ્રવેશ સંખ્યા સરકારી શાળાઓ પ્રત્યે વાલીઓના વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે.





**વર્ષ-૨૦૧૯થી ૨૦૨૬ સુધીના આંકડા**

વડોદરામાં વર્ષ-૨૦૧૯થી ૨૦૨૬ સુધી સરકારી શાળાના ધોરણ-૧મા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા જોઇએ તો, વર્ષ-૨૦૧૯-૨૦માં ૧૫,૫૩૪ વિદ્યાર્થીઓ, વર્ષ-૨૦૨૦-૨૧માં ૧૪,૭૮૦ વિદ્યાર્થીઓ, વર્ષ-૨૦૨૧-૨૨માં ૧૬,૭૩૫ વિદ્યાર્થીઓ, વર્ષ-૨૦૨૨-૨૩માં ૧૫,૫૩૬ વિદ્યાર્થીઓ, વર્ષ-૨૦૨૩-૨૪માં ૧,૫૫૬ વિદ્યાર્થીઓ, વર્ષ-૨૦૨૪-૨૫માં ૧૧,૧૮૮ વિદ્યાર્થીઓ, અને વર્ષ-૨૦૨૫-૨૬માં ૧૨,૮૦૦ વિદ્યાર્થીઓએ સરકારી શાળામા પ્રવેશ મેળવ્યો છે.

**ધોરણ-૨ થી ૮માં પ્રવેશ અંગે વર્ષ-૨૦૧૯થી ૨૦૨૬ સુધીનો આંક**

વર્ષ-૨૦૧૯-૨૦માં ૮૦૬ વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓમાં પ્રવેશ લીધો હતો. વર્ષ-૨૦૨૦-૨૧માં ૧૧૯૨ વિદ્યાર્થીઓએ, વર્ષ ૨૦૨૧-૨૨માં સૌથી વધુ ૧,૯૨૪ વિદ્યાર્થીઓએ, વર્ષ-૨૦૨૨-૨૩મા ૧૨૭૩ વિદ્યાર્થીઓએ, વર્ષ-૨૦૨૩-૨૪માં ૬૭૫ વિદ્યાર્થીઓએ, વર્ષ ૨૦૨૪-૨૫માં પણ ૧,૩૪૧ વિદ્યાર્થીઓ અને વર્ષ- ૨૦૨૫-૨૬માં ૫૪૪. તાલુકામાં વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૭,૭૫૫ વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. તેમાં સૌથી વધુ પાદરા તાલુકામાં ૧,૮૭૮ વિદ્યાર્થીઓ, ત્યારબાદ સાવલી તાલુકામાં ૧,૨૦૮ વિદ્યાર્થીઓ, કરજણ તાલુકામાં ૧,૧૪૬ વિદ્યાર્થીઓ અને ડભોઈ તાલુકામાં ૧,૧૪૦ વિદ્યાર્થીઓ,વડોદરા તાલુકામા ૮૫૫ વિદ્યાર્થીઓ, વાઘોડિયા તાલુકામા ૭૨૯ વિદ્યાર્થીઓ, ડેસર તાલુકામા ૪૨૪ વિદ્યાર્થીઓ અને શિનોર તાલુકામા ૩૭૫ વિદ્યાર્થીઓ મળી કુલ-૭,૭૫૫ વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં જોડાયા છે.

### મકાન નંબર A-55ને કોર્પોરેશન દ્વારા સીલ કરી દેવામાં આવ્યું

# રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર કેમિકલ ગોડાઉન પર દરોડા પડ્યાં



( પ્રતિનિધિ ) વડોદરા,તા.22

વાડીના શાસ્ત્રીબાગ નજીકના કોટિયાર્કનગર રહેણાંક વિસ્તારમાં તંત્ર દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અહીં રહેણાંક મકાનમાં બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહેલા એક કોમર્શિયલ ગોડાઉન સામે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ની ટાઉન પ્લાનિંગ શાખાએ કડક પગલા ઉઠાવી તેને સીલ મારવાની કાયદેસરની કાર્યવાહી કરી છે, જેનાથી આસપાસના રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે. કોટિયાર્કનગર સોસાયટીના મકાન નંબર A-55 માં લાંબા સમયથી હાઉસ ક્લીનિંગ માટે ઉપયોગમાં લેવાતા વિવિધ રાસાયણિક પદાર્થો એટલે કે કેમિકલનું ગોડાઉન ધમધમી રહ્યું હતું. રહેણાંક હેતુ માટે મંજૂર કરાયેલા આ વિસ્તારમાં આવી જોખમી અને વ્યવસાયિક પ્રવૃત્તિ શરૂ કરી દેવાતા આસપાસના સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા. કેમિકલની તીવ્ર દુર્ગંધ, મોટા માલવાહક વાહનોની સતત અવરજવર અને સંભવિત આગ કે અકસ્માતના જોખમને કારણે સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આ આખીય ગંભીર બાબતે જાગૃત નાગરિકો દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન સમક્ષ લેખિત અને મૌખિક ફરિયાદો નોંધાવવામાં આવી હતી. સ્થાનિક લોકોની આ વ્યાપક રજૂઆતો અને ફરિયાદોના આધારે તંત્ર દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ ગોડાઉન સંપૂર્ણપણે અનઅધિકૃત અને રહેણાંક સોસાયટીના નિયમોની વિરુદ્ધ ચાલતું હોવાનું માલૂમ પડ્યું હતું. પરિણામે, મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ શાખાના બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર ગૌતમ શર્માની આગેવાની હેઠળની એક વિશેષ ટીમે ત્વરિત એક્શન મોડમાં આવી સ્થળ પર દોડી ગઈ હતી. ટાઉન પ્લાનિંગની ટીમે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી પોલીસની હાજરીમાં મકાન નંબર A-55 ને સંપૂર્ણપણે સીલ મારી દીધું છે અને તમામ કોમર્શિયલ ગતિવિધિઓ બંધ કરાવી દીધી છે.